ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા
# કચ્છ યુનિવર્સિટી

યુનિવર્સિટી કેમ્પસ,
મુન્દ્રા રોડ, ભુજ–કચ્છ. 370001
Email:- info@kskvkachchhuniversity.org

ફોન ન. (02832)235002
ફેક્સ નં. (02832)235012
web : kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./ જાહેરાત /૨૩/ ૧૯૧૫

તા:–૨૧/૭/૨૦૨૩

પ્રતિ,
નાયબ જીલ્લા માહિતી અધિકારીશ્રી,
જીલ્લા માહિતી અધિકારીશ્રીની કચેરી,
ભૂજ – કચ્છ.

**વિષય : બી.એડ્. પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિધ્ધ કરાવવા બાબતે...**

શ્રીમાન,

જય ભારત સાથ ઉપર્યુકત વિષયે જણાવવાનું કે, આ સાથે સામેલ રાખેલ જાહેરાત સરકારશ્રીના નિયમોનુસાર કાલના કચ્છ અને ગુજરાતમાં બહોળો વ્યાપ ધરાવતા કોઈ એક અગ્રણી દૈનિકમા સૌની નજરે પડે તે રીતે અંદરના પાને ઓછામાં ઓછી જગ્યામાં પ્રસિધ્ધ કરાવવા તથા તેનું સરકારી ધારા–ધોરણ મુજબનું બિલ નકલ ત્રણ માં અત્રેની કચેરીએ મોકલાવવા જણાવવા વિનંતી.

કુલસચિવ,
કચ્છ યુનિવર્સિટી,ભૂજ

બિડાણ: ઉપર મુજબ

## ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી

## બી.એડ્. પ્રવેશ જાહેરાત વર્ષ ૨૦૨૩ – ૨૫

### ત્રીજો પ્રયત્ન

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩ – ૨૫ માટે કચ્છ યુનિવર્સિટી સંલગ્ન તમામ B.Ed. કોલેજોમાં ST કેટેગરીની તમામ વિષયોની જુજ સીટો ખાલી હોવાથી, જેમણે પ્રથમ અને બીજા રાઉન્ડ માટે પ્રવેશ ફોર્મ ભરેલ ન હોય તેવા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓએ **તા.૨૪/૦૭/૨૦૨૩ થી તા.૨૬/૦૭/૨૦૨૩** સુધીમાં કાર્યાલય સમય (૧૧ થી ૨ અને ૩ થી ૪ )દરમિયાન કચ્છ યુનિવર્સિટી એકેડમિક વિભાગ (રૂમ નં. ૧૧૪) માંથી ઓફલાઈન પ્રવેશફોર્મ મેળવી ભરવાના રહેશે. જે વિદ્યાર્થીઓએ પ્રથમ રાઉન્ડ સમયે ઓનલાઈન ફોર્મ ભરેલ હોય પરંતુ અત્રે જમા કરાવેલ ન હોય તેવા એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓ પણ પ્રવેશ ફોર્મ અત્રે જમા કરાવી શકશે. પરંતુ તેમને ત્રીજા મેરીટમાં સમાવવામાં આવશે જેની ખાસ નોંધ લેવી.જે તે સમયે જો એસ.ટી. કેટેગરીના વિદ્યાર્થીઓથી ખાલી સીટ નહી ભરાય તો તે એસ.સી. કેટેગરીમાં તે જ દિવસે તબ્દીલ કરવામાં આવશે અને ત્યારબાદ પણ જો અનામત કેટેગરીની સીટો ખાલી રહી જશે તો તે જ દિવસે તમામ ખાલી રહી જવા પામેલ સીટો જનરલ કેટેગરીમાં તબ્દીલ કરવામાં આવશે. તમામ એ તમામ કોલેજોમાં માત્ર જુજ સીટો જ ખાલી હોવાથી પ્રવેશ સમયે બોલાવવામાં આવનાર તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ મળશે જ તે જરૂરી નથી. ખાલી સીટ કરતા અમુક ઘણા વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે બોલાવવામાં આવેલ છે જેથી પ્રવેશ મળવાની માત્ર સંભાવના છે તમામે તમામને પ્રવેશ મળશે તેવું જરૂરી નથી. પ્રવેશ કાર્યવાહી સંપૂર્ણ મેરીટના આધારે કરવામાં આવશે. **પ્રવેશ પ્રક્રિયા તા. ૨૮/૭/૨૦૨૩ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે કચ્છ યુનિવર્સિટી, 'ઇ' બ્લોક ખાતે કરવામાં આવશે.જેમાં પ્રવેશ ઈચ્છુક તમામ કેટેગરીના વિદ્યાર્થીઓ હાજર રહી શકશે અને તેઓને ઉપલબ્ધ બેઠકો હશે તોજ પ્રવેશ મળી શકશે.** એડમિશન તથા ફી અંગેની વધુ માહિતી માટે યુનિવર્સિટીની વેબસાઈટ www.kskvku.ac.in નો સંપર્ક કરવો પ્રવેશ કાર્યવાહી સમયે જે ઉમેદવારો ઉપસ્થિત નહી રહે તેઓ પ્રવેશનો હક ગુમાવશે. ફોર્મ જમા કરાવતા સમયે અને પ્રવેશ સમયે તમામ અસલ પ્રમાણપત્રો સાથે રાખવા ફરજીયાત છે. બી.એડ્.નુ ફોર્મ ભરવા માટે સ્નાતક/અનુસ્નાતક કક્ષાએ ઓછામાં ઓછાં ૫૦% (SC/ST/SEBC કક્ષાના ઉમેદવારો માટે માટે ૪૫%)હોવા જરૂરી છે.

તા.૨૧/૦૭/૨૦૨૨

**કુલસચિવ**